તા. ૦૧/૦૧/૨૦૧૩ થી મોંઘવારી
ભથ્થાના દરમાં સુધારણા
(પાંચમાં પગાર પંચ સંદર્ભે)

ગુજરાત સરકાર.
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૩-જીઓઆઇ-૦૩-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૯-૧૦-૨૦૧૩

વંચાણમાં લીધા: (૧) નાણા વિભાગનો તા. ૨૬/૦૭/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૯૮-૨૭૦-ચ

(૨) નાણા વિભાગનો તા. ૨૬/૧૨/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૨-જીઓઆઇ-૦૬-ચ

(3) ભારત સરકારનો તા. ૦૨-૦૫-૨૦૧૩ નો ઓફીસ મેમોરેન્ડમ ક્રમાંક: ૧(3)-૨૦૦૮-ઇ II (બી)

// ઠરાવ //

આમુખમાં દર્શાવેલ નાણા વિભાગના ઠરાવ અન્વયે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ હેઠળના પગાર ધોરણ મુજબના પગાર ઉપર છેલ્લે સંદર્ભ ક્ર.(૨) થી દર્શાવેલ તા. ૨૬/૧૨/૨૦૧૨ ના ઠરાવ અન્વયે મોંઘવારી ભથ્થાના દરમાં વધારો મંજૂર કરવામાં આવેલ હતો. રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૦૧/૦૧/૨૦૦૬ની અસરથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો -૨૦૦૯ લાગુ પાડવામાં આવતાં નવા પગાર ધોરણો ઉપર તા. ૦૧/૦૧/૨૦૦૬ થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના નવા દરો અને તે દરોમાં વખતોવખત વધારો મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ જે અધિકારી/કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ અનુસારના પગાર ધોરણો લાગુ પાડવામાં આવેલ નથી અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ હેઠળના પગાર ધોરણોમાં પગાર મેળવે છે તેવા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન દરોમાં તા. ૦૧/૦૧/૨૦૧૩ થી સુધારણા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

નાણા વિભાગના તા. ૨૬/૧૨/૨૦૧૨ ના ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૨-જીઓઆઇ-૦૬-ચ થી કર્મચારીઓને તા. ૦૧/૭/૨૦૧૨ થી ૧૫૧ % મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા. ૦૧/૦૧/૨૦૧૩ થી નીચે મુજબનો વધારો કરીને ચુકવવાનું નક્કી કરેલ છે.

## મોંઘવારી ભથ્થાના માસિક દર

| ચુકવવાપાત્ર તારીખ | ચુકવવાપાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| ૦૧/૦૧/૨૦૧૩ | મુળ પગાર + મોંઘવારી પગારના ૧૬૬ % (એકસો છાસઠ ટકા) |

૨. મોંઘવારી ભથ્થુ વળતરના અલગ ભાગ તરીકે જ ગણવામાં આવશે અને ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ ૯(૫૩) ની વ્યાખ્યામાં આવતા "પગાર" તરીકે તેને ગણવામાં આવશે નહીં.

૩. મોંઘવારી ભથ્થાની ૧૬૬ % (એકસો છાસઠ ટકા) લેખેની ગણતરી (૧૫૧% થી ૧૬૬%) કર્મચારી/અધિકારીઓના મૂળ પગાર + મોંઘવારી પગાર (Basic Pay + Dearness Pay) ઉપર કરવાની રહેશે.

૪. મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતા વધુ પૈસાની ચુકવણી આખા રૂપિયા પ્રમાણે થશે. અને ૫૦ (પચાસ) પૈસાથી ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં.

૫. મોંઘવારી ભથ્થામાં તા. ૦૧/૦૧/૨૦૧૩ થી કરવામાં આવેલ ૧૫ % નો વધારો રોકડમાં ચૂકવવાનો રહેશે.

૬. એન.પી.પી.એ. મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના હાલના ૧૫ % નો વધારાનો લાભ તા. ૨૬/૦૭/૨૦૦૬ ના વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ ઉપરના ઠરાવના પારા-૪ માં કરાયેલ ગણતરી મુજબ કરી હાલ જે ૧૫૧ % મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર છે તેને બદલે હવે તા. ૦૧/૦૧/૨૦૧૩ થી ૧૬૬ % મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે. ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૭. આ હુકમો જેમના ભવિષ્યનિધિ હિસાબો રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન લેતી બિન સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે.

૮. ઉક્ત ઠરાવનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો, પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓને, કામ પૂરતા મહેકમના કર્મચારીઓને, તેમજ પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ, બોર્ડ-નિગમ, નગરપાલિકાઓ, અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓને અને બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોને તથા કર્મચારીઓને તેમજ સહાયક અનુદાન લેતી સંસ્થાઓને મળવાપાત્ર થશે. આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતા વધારે ન થવો જોઇએ.

૯. ઉક્ત ઠરાવનો લાભ આપવા માટે જે તે સંસ્થાએ પોતાની નાણાકીય પરિસ્થિતિને ધ્યાને લઇ નિર્ણય લેવાનો રહેશે. આ વધારાના ખર્ચ માટે સરકાર દ્વારા કોઇ વધારાની ગ્રાન્ટ આપવામાં આવશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી.સેઇલર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ/સર્વે કચેરીઓના વડાઓ.
સર્વે નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ/એ.એન્ડ ઇ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, સ.સ.ન.નિગમ લી. અમદાવાદ/ગાંધીનગર/વડોદરા

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
સિલેક્ટ ફાઇલ

પત્ર દ્વારા

ક્ર.નં. નકૃયુ/હિઅ/કંટ્રોલ/ ૨૦૭૬૧/૨૦૧૩.
નવસારી. તા. ૧૭/૧૦/૨૦૧૩.

ઉક્ત બાબતે જાણ તથા યોગ્ય થવા સારૂ.

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

નકલ જયભારત સાથ રવાના!

યુનિટ/સબ યુનિટ તરફ જાણ થવા સારૂ.